## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



સર... યાનનું પી.યુ.સી. નતું લીધું માટે ડિટેઈન કર્યું હોય તેવું બને....??

# ગુજરાત સાયન્સ સિટી ખાતે નેશનલ એન્જીનિયર્સ ડે ની ઉજવણી








ગાંધીનગર, તા.૧૫

ગુજરાત સાયન્સ સિટી ખાતે વિદ્યાર્થીઓ સાથે કેમ્પસમાં નેશનલ એન્જીનીયર ડેની ઉજવણી ના ભાગ રૂપે દિવસભર વિવિધ પ્રવૃતિઓનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. ભારતમાં દર વર્ષે ૧૫મી સપ્ટેમ્બરે મહાન એન્જિનિયર મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયાના જન્મદિને તેમની યાદમાં એન્જીનીયર્સ ડે મનાવવામાં આવે છે. દિવસભર ચાલેલ એકટીવીટી - ઉજવણીમાં ૬૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

દિવસની શરૂઆતમાં ઈસરોના કન્સ્ટ્રકશન અને મેન્ટેનન્સ ગ્રુપના એકસ ડીરેકટર સૃજન શાહના ઈન્ટરેકટીવ સેશનથી કરવામાં આવી. તેમણે જણાવ્યુ કે કેવી રીતે સર વિશ્વશ્વરૈયાએ સમાજ ના સારા માટે ડેમ બાંધવા માટે પ્રેરીત કર્યા હતા. તેમણે ડેમ ના સારા અને ખરાબ પાસાઓ વિશે પણ જણાવ્યુ હતું. સેશનમાં વધુમાં સિવિલ એન્જીનીયરીંગ અને સિવીલ એન્જીનીયરીંગના રોલ વિશે જણાવવામાં આવ્યુ હતું.

શ્રી સિંઘે ઉમેર્યુ કે, સિવીલ એન્જીનીયરે ઘણુ બધુ આપવાનુ હોય છે. તેના કામમાં માત્ર બાંધકામ જ નહી પરંતુ ફાયર સેફટીના સાધનો અને વ્યવસ્થિત ડ્રેનેજ સિસ્ટમ પણ આપવાનુ પણ હોય છે.

ત્યાર બાદ ભાગ લેનાર વિદ્યાર્થીઓ ને રોબોટ બનાવતા શીખવવામાં આવ્યુ હતું. નીરમા યુનિર્વસીટીના આસીસ્ટન્ટ પ્રોફેસર અને તેમના ચાર સહયોગી એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓએ માગદર્શન આપ્યુ હતું. સૌ પ્રથમ વિદ્યાર્થીઓને મિકેનીકલ, ઈલેકટ્રીકલ અને ઈલેકટ્રોનિક ભાગોને ઓળખતા શીખવવામાં આવ્ય હતું.

આસીસ્ટન્ટ પ્રોફેસરે જણાવ્યુ કે એક વાર તેઓ પાર્ટસની ઓળખ કરી લે છે ત્યાર બાદ તેમને જોડવાનુ કહેવામાં આવે છે. પછી તે ઈલેકટ્રીકલ અને ઈલેકટ્રોનીક ભાગો જોડે છે જેમાં મોટર અને ઈન્ટરફેસીંગ ડીવાઈસ હોય છે.આનો હેતુ તેમને સમજણ આપી ને એન્જીનીયરીંગ વિષયમાં રસ કેળવતા કરવાનો છે. ભાગ લેનાર વિદ્યાર્થીઓને માગદર્શક સાથે સાયન્સ સીટીની ટુર પણ કરાવવામાં આવી હતી. જેમાં તેમણે આપણા દૈનીક જીવનનો ભાગ બની આપણી જીવનચર્યા બદલી નાખી છે તેવી સાયન્સ એન્ડ ટેકનોલોજીની વિવધિ એપ્લીકેશન વિશે જાણ્યુ હતું.

## લવારપુર હાઈસ્કૂલ ખાતે અટલ ટીકરીંગ લેબનો ઉદ્ઘાટન કાર્યક્રમ યોજાયો

### ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શન પણ યોજાયું



ચિલોડા, તા. ૧૫

શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી સ્મારક હાઈસ્કૂલ લવારપુર ખાતે સત્યમ (ચાંદખેડા) એસ.વી.એસ.નું ગણિત-વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન-૨૦૧૯ અને નીતિ આયોગ દિલ્હી દ્વારા અટલ ટીકરીંગ લેબનું ઉદ્ઘાટન નાઝાભાઈ ધાંધર (ડેપ્યુટી મેયર મહાનગર પાલિકા-ગાંધીનગર)ના હસ્તે યોજવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં ૬૫ શાળા દ્વારા ૧૨૧ જેટલી ગણિત-વિજ્ઞાન કૃતિઓ બાળ વૈજ્ઞાનિકોએ રજીસ્ટ્રેશન કરવામાં આવ્યુ હતુ. સમગ્ર પ્રદર્શનમાં લવારપુરની આસપાસના શાળાના ૧૮૦૦ વિદ્યાર્થીઓ અને ગ્રામજનોએ મુલાકાત લીધી હતી.

આ ઉદ્ઘાટન પ્રસંગે ગાંધીનગરના પ્રાચાર્ય આઈ.વી. પટેલ, ગાંધીનગર ડીઈઓ ડૉ. ભરતભાઈ વઢેર, ગાંધીનગર જિલ્લા આચાર્ય સંઘના પ્રમુખ પ્રદિપસિંહજી ચાવડા, સંચાલક મંડળના મહામંત્રી સુરેશભાઈ ડી. પટેલ, ઉપપ્રમુખ મહેન્દ્રભાઈ બાવળીયા તેમજ પ્રકાશ કેળવણી મંડળના પ્રમુખ આર.એસ. પટેલ, મંત્રી ગુણવંતભાઈ પટેલ, શાળાના આચાર્ય સુરેશભાઈ ચૌધરી વગેરે મહાનુભાવો હાજર રહી પ્રદર્શનની શોભામાં વધારો કરી સત્યમ (ચાંદખેડા) એસ.વી.એસ. બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

# અગોરા મોલમાં સ્ટોક મેનેજર અને ટ્રેલર કપડાની ચોરીમાં ઝડપાયા

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર નજીક રીંગરોડ પર આવેલા અગોરા મોલના સ્ટોર મેનેજર અને ટ્રેલર કપડાની ચોરીમાં પકડાયા છે. મોલમાં વેર હાઉસમાં ઈન્ચાર્જે બારકોડ અને મોલના ટેગ લાગેલા રૂ.૧.૪૬ લાખની કિંમતના કપડાની ચોરી પકડી પાડી છે. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે તપાસ શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ મોલના વેર હાઉસ ઈન્ચાર્જ પંકિલ શાહ નોંધાવેલી ફરીયાદ મુજબ ગત તા.૧૧ સપ્ટેમ્બરના રોજ પાંચ વાગ્યાના સુમારે તેઓ મોલમાં આવેલા ટેલર શોપમાં ગયા હતા.ત્યારે તેમા તપાસ કરતા મોલના ટેગ અને બારકોડ લાગેલા ૨૪ પેન્ટપીસ, ૩ શર્ટપીસ, અને ૩૦ નંગ લેડિઝ, જેન્ટસ, અને ચિલ્ડ્રન વેર મળી આવ્યા હતા. ટેલરનું કામ કરતા ગોપાલ દયાનંદ કોષ્ટ (રહે.ચેનપુર અમદાવાદ) ને પુછતા તેમણે જણાવ્યું હતું કે મોલના સ્ટોર મેનેજર સતિષભાઈ મોદી (રહે.સુઘડ) છેલ્લા એક વર્ષથી આ રીતે કપડા મુકી જતા હોવાનું બહાર આવ્યું હતું. મેનેજરે ટેલરને પણ હિસ્સેદાર બનાવતા તેણે આ વાત મોલના અન્ય કોઈ કર્મચારીને કરી ન હતી.જેને પગલે મોલના વેરહાઉસ ઈન્ચાર્જે બંન્ને સામે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા એક વર્ષથી ચાલતા આ ગોરખધંધામાં તા.૧૧ મી ના રોજ મોલના માલિકને સ્ટોરના સ્ટોક પર શંકા જતા તેઓએ ચેકીગ કરવાનું કહ્યું હતું. જેને પગલે આ સમગ્ર ચોરી પકડાઈ હતી. કપડાની ચોરી પાછળ અન્ય કોઈ કર્મચારીઓની સંડોવણી છે કે નહી તે દિશામા પોલીસે તપાસ શરુ કરી છે.




ગાંધીનગરની ૭ વર્ષીય બાળા કામખ્યા રાઠી ખેલમહાકુંભમાં જિલ્લાકક્ષાની ''સ્ટેન્ડિગ બોર્ડ જમ્પ'' સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે વિજેતા બની છે. આ સાથે દેવાંશ જાની અને આયુષ રાજપૂતે અન્ડર-૧૪ કેટેગરીમાં તૃતીય સ્થાન હાંસલ કર્યુ છે. તમામ ખેલાડીઓ ઉપરાંત અનુપમા રાજપૂત પણ રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યા છે. તમામ ખેલાડીઓ જાણીતા સ્પોર્ટસ ટ્રેનર શશિમોહન ધુમાલ અને હેન્ડબોલ કોચ કૃતિકા ધુમાલ પાસે મહેશ્વરી સ્પોર્ટ્સ એકેડેમીના તાલીમાર્થીઓ છે જેમને એકેડેમીએ અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી છે.



ગાંધીનગરના સેક્ટર-૨૨માં સરકારી આયુર્વેદ હોસ્પિટલ ખાતે નેત્રરોગ માટેનો વિનામૂલ્યે નિદાન તથા સારવાર કેમ્પ યોજવામાં આવ્યો હતો જેનો મોટી સંખ્યામાં શહેરના દર્દીઓએ લાભ લીધો હતો.

## નર્મદા જળ વધામણા કાર્યક્રમમાં પ્રસિદ્ધ કલાકારો સહભાગી થશે

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાતની જીવાદોરી સરદાર સરોવર નર્મદા ડેમ તેની પૂર્ણ સપાટી ૧૩૮.૬૮ મીટર ભરાવાના ઐતિહાસિક અવસરે તા.૧૭ સપ્ટેમ્બર મંગળવારે રાજ્યવ્યાપી નમામિ દેવી નર્મદે મહોત્સવ લોક ઉમંગ ઉત્સવ તરીકે ઉજવાશે.

રાજ્યના જિલ્લા મથકો અને નગરો મહાનગરોમાં આ જનઉત્સવમાં લોક કલાકારો, પ્રખ્યાત ગાયકો, ગુજરાતી ફિલ્મ કલાકારો, લોક સાહિત્યના અગ્રણી કલાકારો પણ સહભાગી થઈને નર્મદા મૈયાના જળ વધામણા કરતા ગીતોને સંગીત મઢી પ્રસ્તુતિ કરશે.

જે કલાકારો આ ઉમંગ ઉત્સવમાં જોડાવાના છે તેમાં મુખ્યત્વે પદ્મશ્રી ભીખુદાન ગઢવી, અમુદાન ગઢવી અને જીતુભાઈ દ્વારકાવાળા જૂનાગઢમાં, કિંજલ દવે, બંકિમ પાઠક, ધનરાજ ગઢવી, અરવિંદ બારોટ અને ઈન્દિરા શ્રીમાળી અમદાવાદમાં, ઓસમાણ મીર, સાંઈરામ દવે અને પંકજ ભટ્ટ રાજકોટમાં, ગીતા રબારી કચ્છમાં, વિરાજ બારોટ પાટણ અને જીજ્ઞેશ કવિરાજ મહેસાણામાં જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં જોડાવાના છે.

# નર્મદા યોજના કરતાં 'કલ્પસર' વધુ ખર્ચાળ : પ્રોજેક્ટ ક્યારે પૂર્ણ થશે તે પણ નિશ્ચિત નથી

### ગુજરાતની વસતીમાં કોઇપણ પ્રકારનું કામ નહીં કરનારનું પ્રમાણ વધી રહ્યું છે

### પ્રાથમિક સ્કૂલોના વિદ્યાર્થીઓમાં આઠ વર્ષ પછી ગુણવત્તાનું પ્રમાણ વધી રહ્યું છે

### સોલાર અને વિન્ડ તરફ ગતિ છે પરંતુ હજી ક્ષમતાનો પુરેપુરો ઉપયોગ થતો નથી

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ગુજરાતમાં નર્મદા યોજના જેવી બીજી મહત્વની યોજના કલ્પસર છે. કેશુભાઈ પટેલના સમયમાં શરૂ થયેલી આ યોજના હજી પણ પાપપાપપગલી ભરી રહી છે. યોજનાના અભ્યાસ પાછળ ૩૫૦ કરોડ રૂપિયાનો ધૂમાડો થયો છે છતાં હજી નોંધપાત્ર કામગીરી શરૂ કરવામાં આવી નથી. આ યોજના બે ભાગમાં વહેંચાયેલી છે, જેનો બીજો ભાગ ભાડભૂત બેરેજ યોજના છે. ભરૂચ જિલ્લાના પણીયાદરા વચ્ચે દરિયાની ખાડીમાં મીઠા પાણીનું સરોવર બનાવવા ૩૦ કિલોમીટર લંબાઈનો બંધ બાંધી તેમાં રાજ્યની નદીઓનું ૮૦૦૦ મિલિયન ઘનમીટર પાણીને દરિયામાં જતું અટકાવવાનો ઉદ્દેશ છે. એ સાથે ભાડભૂત બેરેજ બનાવી ડાયવર્ઝન કેનાલ દ્વારા નર્મદાના પાણીને યોજનાના જળાશયમાં વાળવાનું આયોજન છે. જો આ યોજના સાકાર થાય તો રાજ્યના નવ જિલ્લાના ૩૭ તાલિકાના ૧૦.૫૪ લાખ હેક્ટર વિસ્તારમાં પાણીનો લાભ આપી શકાય તેમ છે. કલ્પસર બંધ દ્વારા દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના અંતરમાં ૧૩૬ કિલોમીટરનો ઘટાડો પણ થવાનો છે. કલ્પસરમાં ૨૫ અભ્યાસ પૂર્ણ કરવામાં આવ્યા છે અને હજી આઠ અભ્યાસ ચાલુ છે. ભાડભૂત યોજનાના આયોજનથી અંકલેશ્વર અને ભાડભૂત વચ્ચે નર્મદા નદી પર ૨૪ કિલોમીટરનો નિયંત્રક પાળો બનવાથી ૧૭ ગામોના પૂરથી થતાં નુકશાનને નિયંત્રિત કરી શકાશે અને આ જગ્યાએ ભારતનો સૌથી મોટો રીવરફ્રન્ટ બનશે. ભાડભૂતની યોજનામાં ૪૦૫૦ કરોડનો ખર્ચ થવાનો છે. કલ્પસર વિભાગના અધિકારીના જણાવ્યા પ્રમાણે ગુજરાતની નર્મદા યોજનાનો કુલ ખર્ચ ૭૫૦૦૦ કરોડ થયો છે જ્યારે કલ્પસર યોજનામાં હાલના સમયે કુલ ખર્ચ ૧.૨૫ લાખ કરોડ રૂપિયા થાય તેમ છે. જો કે રાજ્યનો બીજો મહત્વકાંક્ષી પ્રોજેક્ટ ક્યારે પૂર્ણ થશે તે નિશ્ચિત નથી.

**કામ નહીં કરતાં સૌથી વધુ લોકો ગામડામાં...**

ગુજરાતમાં કેટલા લોકો કામ કરતા નથી તેના ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. રાજ્યના એક સર્વેમાં ૬.૧૧ કરોડની વસતી પૈકી ૧.૩૫ કરોડ પુરૂષો અને ૨.૨૧ કરોડ મહિલાઓ મળી કુલ ૩.૫૬ કરોડ લોકો કામ કરતા નથી. એટલે કે ૫૫ ટકા વસતી કામ કરતી નથી, જેમાં વૃદ્ધો અને બાળકોનો પણ સમાવેશ થાય છે. કામ નહીં કરવાનું પ્રમાણ પુરૂષ કરતાં મહિલાઓમાં વધારે છે. રાજ્યના શહેરી વિસ્તારમાં ૫૮.૬૨ લાખ પુરૂષો અને ૧.૦૬ કરોડ મહિલાઓ કામ કરતી નથી. બીજી તરફ ગ્રામ્ય વિસ્તારમાં ૭૬.૨૭ લાખ પુરૂષો અને ૧.૧૪ કરોડ મહિલાઓ કામ કરતી નથી. એનો સીધો મતલબ એ થયો કે શહેરી વિસ્તાર કરતાં ગ્રામ્ય વિસ્તારમાં કામ નહીં કરનારા વર્ગનું પ્રમાણ વધારે જોવા મળ્યું છે. સર્વેક્ષણમાં જણાવવામાં આવ્યું છે કે રાજ્યમાં ૨.૦૩ કરોડ લોકો મુખ્ય કામ કરનારા વર્ગમાં આવે છે જ્યારે ૪૪.૦૨ લાખ લોકો સિમાંત કામ કરનારો વર્ગ છે. રાજ્યમાં સર્વેના આંકડા કહે છે કે ૭૦ લાખ મહિલાઓ કોઈને કોઈ કામ કરી રહી છે.

**સોલાર અને વિન્ડનો પુરતો ઉપયોગ થતો નથી...**

ગુજરાતમાં સરકારી નહીં પણ ખાનગી કંપનીઓ વધુ વીજ ઉત્પાદન કરી રહી છે. રાજ્યની વીજ સ્થાપિત ક્ષમતા ૧૯૫૫૫ મેગાવોટ છે જે પૈકી સરકારી વીજળી માત્ર ૫૫૧૭ મેગાવોટ છે જ્યારે ખાનગી વીજ ઉત્પાદન ૭૨૦૭ મેગાવોટ સુધી પહોંચી ગયું છે. રાજ્યના સ્વતંત્ર વીજ ઉત્પાદકો પાસેથી ૨૬૦૪ મેગાવોટ અને કેન્દ્રની ગ્રીડમાંથી ૪૨૨૭ મેગાવોટ વીજળી મળે છે. બીજી તરફ માથાદીઠ વીજ વપરાશ ૧૯૯૧ના ૪૨૯ યુનિટથી વધીને ૨૦૦૭ યુનિટ થયો છે. વીજળીનો વપરાશ વધતો જાય છે ત્યારે ગુજરાત સરકારની વીજ કંપનીઓનું ઉત્પાદન સતત ઘટતું જાય છે. રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ હવે થર્મલ પાવર પ્લાન્ટને મંજૂરી આપવાનું બંધ કરી બિન પરંપરાગત વીજળીનો આગ્રહ રાખી સોલાર, રૂફટોપ સોલાર અને વિન્ડ પાવર પર વધારે ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. નેશલન ઈન્સ્ટીટયુટ ઓફ વિન્ડ એનર્જીના રિપોર્ટ પ્રમાણે રાજ્યમાં પવન ઉર્જાની ઉત્પાદન ક્ષમતા ૩૫૦૦૦ મેગાવોટ છે જેની સામે માત્ર ૬૦૩૩ મેગાવોટની સ્થાપિત ક્ષમતા મેળવી શકાઈ છે. સોલાર વીજળી માટે ગુજરાતમાં ૪૫૦૦૦ મેગાવોટની ઉત્પાદન ક્ષમતા છે પરંતુ અત્યાર સુધીમાં માત્ર ૨૪૪૦ મેગાવોટ મેળવી શકાઈ છે. રૂપાણીનો પ્રયાસ સારો છે પરંતુ સોલાર અને વિન્ડમાં હજી પણ ખાનગી ઉદ્યોગોને વધારે પ્રલોભનોની જરૂરિયાત છે.



**રાજ્યમાં બે લાખ ગેસ ફ્યુઅલ વાહનો છે...**

ગુજરાતમાં સાબરમતી ગેસ અને ગુજરાત ગેસ મારફતે સીટી ગેસ ડિસ્ટ્રીબ્યુશન તેમજ પીએનજી નેટવર્ક શરૂ કરવામાં આવેલું છે. આ બન્ને જીએસપીસીની સહયોગી કંપનીઓ છે. સમગ્ર દેશમાં ગુજરાત એવું રાજ્ય છે કે જ્યાં ૯૨૫ શહેરોના ૧૧.૪૧ લાખથી વધુ ઘરેલું ગ્રાહકો, ૨૮૦ સીએનજી સ્ટેશનો, ૧૨૩૪૧ વાણિજ્યિક અને નોન કોમર્શિયલ ગ્રાહકો તેમજ ૩૦૬૯ ઔદ્યોગિક ગ્રાહકોને પીએનજી સપ્લાય મળે છે. આ કંપનીઓ અંદાજે ૨૮૦ સીએનજી સ્ટેશનો દ્વારા ઓટોમોબાઈલ સેક્ટર માટે સીએનજી ગેસ પુરો પાડી રહી છે જે પ્રતિ દિન ૨.૦૦ લાખ વાહનો, રાજ્ય પરિવહનની બસો, કાર અને ઓટોરીક્ષાઓને ગેસ પૂરો પાડે છે.

**પ્રાથમિક સ્કૂલોમાં ગુણવત્તાનું વધતું પ્રમાણ...**

ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણનું સ્તર સુધર્યું હોવાનો રાજ્યના શિક્ષણ વિભાગે દાવો કર્યો છે. આ દાવા અનુરૂપ શિક્ષણ વિભાગ કહે છે કે રાજયમાં પ્રાથમિક શિક્ષણ પુરૂં પાડતી શૈક્ષણિક સંસ્થાઓની સંખ્યા ૪૫૦૫૫ છે અને તેમાં નોંધાયેલા વિદ્યાર્થીઓની સંખ્યા ૯૦.૧૨ લાખ જેટલી છે. રાજ્ય સરકાર છેલ્લા આઠ વર્ષથી ગુણોત્સવનું આયોજન કરે છે. સરકારે પહેલો ગુણોત્સવ ૨૦૦૯માં શરૂ કર્યો હતો. એ સમયે એ-પ્લસ ગ્રેડવાળી સ્કૂલોની સંખ્યા માત્ર પાંચ અને એ ગ્રેડવાળી સ્કૂલો ૨૬૫ હતી. શિક્ષણ વિભાગના અધિકારીએ કહ્યું હતું કે રાજ્યમાં આઠ વર્ષમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રાપ્ત કરવામાં આવી રહ્યું છે. રાજ્યના આઠમા ગુણોત્સવમાં એ-પ્લસ ગ્રેડ ધરાવતી સ્કૂલોની સંખ્યા વધીને ૩૨૦૭ થઈ છે જ્યારે એ ગ્રેડની સ્કૂલોએ ૨૨૪૦૦નો આંકડો પાર કર્યો છે. શિક્ષણ વિભાગના આંકડા જો સાચા હોય તો ગુજરાતમાં છેલ્લા આઠ વર્ષમાં પ્રાથમિક સ્કૂલોની ગુણવત્તા સુધરી છે. શિક્ષકો અને બાળકોની હાજરી બાયોમેટ્રીક્સ પદ્ધતિથી પૂરવાનું ફરજીયાત બનાવવામાં આવ્યું હોવાથી સરકારને આશા છે કે હજી વધુમાં વધુ પ્રાથમિક સ્કૂલોમાં શિક્ષણનું સ્તર સુધરી શકે છે.

**ગુજરાતમાં કારખાનાની સ્થિતિ હજી સારી છે...**

ગુજરાતના તમામ કારખાનાં (ઉદ્યોગ)ના મૂલ્યમાં વધારો થઈ રહ્યો છે. ઉદ્યોગોની વાર્ષિક મોજણીના આંકડા પ્રમાણે રાજ્યમાં હાલની સ્થિતિએ ૨૭,૦૦૦ જેટલા મોટા અને મધ્યમ કારખાનાં છે જે ૧૮ લાખ લોકોનો રોજગારી પુરી પાડે છે. આ કારખાનાઓમાં સ્થાયી મૂડીની રકમ ૭ લાખ કરોડ રૂપિયા છે અને ઉત્પાદનનું મૂલ્ય ૧૪ લાખ કરોડ રૂપિયા છે. છેલ્લા એક વર્ષમાં ૧.૮૦ લાખ કરોડ રૂપિયાનું ચોખ્ખું મૂલ્ય ઉમેરાયું છે. આ કારખાનાં મુખ્યતેવ કોલસો, પેટ્રોલિયમ પેદાશો, રસાયણ અને રાસાયણિક પેદાશો, ફાર્માસ્યુટીકલ દવા, કાપડ, યંત્ર સામગ્રી, મૂળ ધાતુનું ઉત્પાદન તેમજ ખનીજ પેદાશોનું ઉત્પાદન કરે છે. કેન્દ્રના રિપોર્ટ પ્રમાણે ગુજરાતમાં સૌથી વધુ કારખાનાં કાપડ ઉદ્યોગમાં આવેલા છે. આ સેક્ટરમાં ત્રણ લાખ કારીગરો કામ કરી રહ્યાં છે. આખા દેશમાં કુલ કારખાનાંની સંખ્યા ૨.૫૦ લાખ થવા જાય છે જેમાં ૧.૫૦ કરોડ લોકો રોજગાર મેળવી રહ્યાં છે. ૩૩ લાખ કરોડ રૂપિયાની કુલ મૂડી છે જેની સામે ૭૪ લાખ કરોડનું ઉત્પાદન મૂલ્ય નોંધાયું છે. છેલ્લા એક વર્ષમાં દેશમાં ૧૧.૪૫ લાખ કરોડ રૂપિયાનું ચોખ્ખુ મૂલ્ય ઉમેરાયું છે.

**સરકારી નેટધારકોની સંખ્યા માત્ર ૩ લાખ...**

ગુજરાત સરકારે સમગ્ર ગુજરાતને ડિજીટલ બનાવ્યું નથી, કેમ કે સમગ્ર રાજ્યના જિલ્લા, તાલુકા અને ગામડાઓમાં ફ્રી વાઈફાઈ સુવિધા મળી નથી. વિજ્ઞાન અને ટેકનોલોજીના તાજેતરના આંકડાથી ફલિત થાય છે કે ભાજપની સરકારે ૨૦૧૨માં તેના ચૂંટણી ઢંઢેરામાં વચન આપ્યું હતું કે કે પાંચ વર્ષના અંતે એટલે કે ૨૦૧૭માં આખું ગુજરાત વાઈફાઈ બની જશે પરંતુ આ વચનને છ વર્ષ પૂર્ણ થયાં છે થતાં ભાજપની સરકાર માત્ર ૫૫ શહેરોમાં ફ્રી વાઈફાઈ ઈન્ટરનેટ સુવિધા આપી શકી છે. રાજ્યના ૫૫ શહેરોમાં ૩૦૨ જગ્યાએ ઈન્ટરનેટની ફ્રી સુવિધા લોકોને મળી રહી છે. આખા રાજ્યની ૬.૫૦ કરોડની વસતીમાં માત્ર ૩ લાખ લોકો જ સરકારી ફ્રી ઈન્ટરનેટની સુવિધા મેળવી રહ્યાં છે. રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે ખેડબ્રહ્માથી ફ્રી વાઈફાઈ સુવિધાનો પ્રારંભ કર્યો હતો અને એવી જાહેરાત કરી હતી કે ગુજરાતમાં ખેડબ્રહ્મા સૌ પ્રથમ વાઈફાઈ એક્સેસ સ્થળ બન્યું છે પરંતુ તપાસ કરતાં સરકારને ખબર પડી છે કે ખેડબ્રહ્મામાં ફ્રી વાઈફાઈ સુવિધા બંધ થઈ ચૂકી છે. લોકો સરકારી ઈન્ટરનેટના સ્થાને પોતાના મોબાઈલનું નેટ વાપરી રહ્યાં છે.